॥ श्रीकृष्णाय नमः ॥

श्री

સર્વોત્તમસ્તોત્ર

સટીક.

તથા શ્રીમહાપ્રભુજીનાં સર્વોત્તમ એકસો આઠ નામ તથા ધોળ તથા પદ ગુજરાતીમાં.

આવૃત્તિ નવમી. પ્રત ૨૦૦૦.

ગત આવૃત્તિ કરતાં ફેરફાર કરવામાં આવ્યો નથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ઠે. ખાડીયા, જેઠાભાઈની પોળમાં—અમદાવાદ.

અમદાવાદ—ધી "ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ" માં

[illegible] મંગળદાસે છાપ્યું.

શ્રીવલ્લભાબ્દ ૪૩૫. સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

અમૂલ્ય.

અનુક્રમણિકા.

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રી

સર્વોત્તમસ્તોત્ર

સટીક.

તથા શ્રીમહાપ્રભુજીનાં સર્વોત્તમ એવાં ૧૦૮

નામ તથા ધોળ તથા પદ ગૂજરાતીમાં.

આવૃત્તિ નવમી. પ્રત ૨૦૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

ઠે૦ ખાડીયા, જેઠાભાઈની પોળમાં—અમદાવાદ.

અમદાવાદ—ધી "ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ" માં

શા. સોમાભાઈ મંગળદાસે છાપ્યું.

શ્રીવલ્લભાબ્દ ૪૩૫. સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

અમૂલ્ય.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાંતો.

૧. જગત્ સત્ય છે.

૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઈત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ પરમાત્મા જ છે.

૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી.

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬. સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજ છે.

૭. કૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.

૮. સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ સિવાય અન્ય વિશ્વધર્મ હોઈ શકે જ નહિ.

અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રતિપાદિત સનાતન શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયના પ્રમાણ અને સિદ્ધાન્તો.

वेदाःश्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥

વેદ વાક્ય શ્રીકૃષ્ણના, વ્યાસ સૂત્ર કહેવાય;
સમાધિ ભાષા વ્યાસની, ચાર પ્રમાણ ગણાય.

एकं शास्त्रं देवकीपुत्रगीतम् । एको देवो देवकीपुत्र एव ।
मंत्रोप्येक स्तस्य नामानि यानि। कर्माप्येकं तस्य देवस्य सेवा॥२॥

ગીતા આગમ એક, એક દેવ દેવકિતનય;
નામો મંત્ર વિવેક, કર્મ એક તે પ્રભુભજન.

પ્રસ્તાવના.

પરમદૈવત તથા પરમરહસ્યવાળું આ લઘુપુસ્તક **શ્રીસર્વોત્તમસ્તોત્ર સટીક** ગૂજરાતી ભાષામાં કહાડવામાં આવ્યું છે તેનું કારણ એટલુંજ કે, ઘણા વૈષ્ણવોનો આગ્રહ એવો હતો કે અમો બાળબોધ લિપી જાણતા નથી માટે ગૂજરાતી લિપીમાં હોય તો અમોને લાભ મળે.

શ્રીસર્વોત્તમસ્તોત્રમાં **આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં** ૧૦૮ નામનું વર્ણન છે તેને જપ કહે છે, ને તે વૈષ્ણવોની **ગાયત્રી** છે. માટે શ્રીવલ્લભીય સંપ્રદાયવાળા વૈષ્ણવોએ સદા સર્વદા સવારમાં નિત્ય નિયમ કરતી વખતે જેમ **અષ્ટાક્ષર મંત્રની** માળા ફેરવીએ છીએ તેમ જપનાં ૧૦૮ નામ લખેલાં છે, તેમાંથી એક એક નામ બોલતાં જવું ને માળાનો મણકો ફેરવતા જવું. જેમકે, **આનંદાય નમઃ પરમાનંદાય નમઃ** વિગેરે, જુવો પાનું ૨૦મું. એવી વૈષ્ણવોએ દરરોજ માળા ફેરવવી એ આપણી ફરજ છે. તેનું નામ શું છે? શ્રીસર્વોત્તમ જપ, એટલે સર્વથી ઉત્તમ, એથી બીજું કાંઇ ઉત્તમ છેજ નહીં. તેમ આપણે ન કરીએ તો આપણા ધર્મ પ્રમાણે વર્તવાની કસુર કરી ગણાય છે. જેવી રીતે બ્રાહ્મણો ત્રણ દિવસ સુધી લાગલાગટ ગાયત્રી ન કરે તો તેમનું બ્રહ્મત્વ જાય છે, તેવી રીતે આપણે શ્રીસર્વોત્તમસ્તોત્ર અથવા

તેનો જપ અથવા ઘોળ તેમાંથી એકે ન કરીએ તો આપણું વૈષ્ણવપણું જાય છે. હમેશાં તે પ્રમાણે કરવાથી ધર્મની વૃદ્ધિ થાય છે ને ચાર પદાર્થ-**ધર્મ, અર્થ, કામ અને મોક્ષના** અધિકારી થવાય છે, એ નિઃસંદેહ છે. તેમાં પ્રસિદ્ધ કરનારનો હેતુ વૈષ્ણવના ગૂઢ તત્વોનો બહોળો ફેલાવો આપવાનો છે; નહિ કે પૈસા પેદા કરવાની આશા છે. વૈષ્ણવ ભક્તો આ લઘુ પુસ્તકનો છૂટથી ઉપયોગ કરે એ મારા પ્રયાસની સાફલ્યતા હું માનુંછું. તેમજ વૈષ્ણુવો તરફથી ઉત્તેજન મળશે ને લોકપ્રિય થઇ પડશે એમ ખાત્રી થશે તો આગળ ઉપર સામાન્ય લાભાર્થે જથાબંધ છપાવી બહાર પાડીશું. અદ્યાપિ સુધી નવમી આવૃત્તિ મળી ૧૪૫૦૦) પુસ્તકો છપાઇ બહાર પડી ચુકયાં છે.

ક્ષમા—આ લઘુ **પુસ્તક** છાપવામાં કાંઇ ભૂલચૂક રહી ગયેલી હોય તો વાંચકવર્ગ સૂધારી વાંચશે અને ક્ષમા આપશે એટલી વિનતિ છે.

સંવત ૧૯૬૯ ના શ્રાવણ સુદિ ૧૧ મંગલવાર.

લી. દાસાનુદાસ,

હરિદાસ ઝવેરદાસ વૈષ્ણવ,

દશાનાગર વાણીઆ, (રાજનગર) **અમદાવાદ**

ના દીનતાપૂર્વક જયશ્રીકૃષ્ણ વાંચશો.

॥ श्रीनाथजी ॥



પરિશિષ્ટ ભાગ ૧ પૃ. ૭.

॥ श्रीहरिः ॥

॥ श्रीमथुरेशो जयति ॥

श्रीसर्वोत्तमस्तोत्र.

सटीक प्रारंभ.

मंगलाचरण.

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥ श्रीगुसांइजीपरमदयालवे नमः ॥ श्रीविठ्ठलेशसद्गुरवे नमः ॥

चिंतासंतानहंतारो यत्पादांबुजरेणवः ।
स्वीयानांतान्निजाचार्यान्प्रणमामिमुहुर्मुहुः ॥ १ ॥

यदनुग्रहतोजंतुः सर्वदुःखातिगोभवेत् ।
तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनन्दनम् ॥ २ ॥

श्रीसर्वोत्तमस्तोत्र.

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ।
निगम प्रतिपाद्यं यत्तच्छुद्धंसाकृतिस्तौमि ॥ १ ॥

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરુપમિતિ ।
નિગમ પ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધંસાકૃતિસ્તૌમિ ॥ ૧ ॥

અર્થઃ--શ્રીવિઠ્ઠલનાથજી આજ્ઞા કરે છે કે પ્રાકૃત ધર્મના આશ્રયથી રહિત અને સમગ્ર અલૌકિક ધર્મ રૂપ છે, એ રીતે વેદમાં પ્રતીપાદન કરેલું, અને સાકાર અને શુદ્ધ સ્વરૂપ છે તેની (હું) સ્તુતિ કરૂંછું. ૧

कलिकालतमश्छन्न दृष्टित्वाद्विदुषामपि ।
संप्रत्याविषयस्तस्य महात्म्यं समभूद्भुवि ॥ २ ॥

કલિકાલતમશ્છન્ન દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય મહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥ ૨ ॥

અર્થ:—જ્ઞાતા પુરુષોની પણ જ્ઞાનદૃષ્ટિ કલિકાલરુપ અંધકારથી આચ્છાદિત છે. માટે તે સ્વરુપનું મહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરિચિત થયું છે. ૨

दयया निजमहात्म्यं करिष्यन्प्रकटं हरिः ।
वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूतं चकार हि ॥३॥

દયયા નિજમહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્ય પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥ ૩ ॥

અર્થ:—જ્યારે દયાવડે શ્રીહરિને પોતાના વચનદ્વારા પોતાનું મહાત્મ્ય પ્રકટ કરવાની ઇચ્છા થઈ ત્યારે પોતાનું મુખારવિંદ પ્રાદુર્ભાવ કર્યું. ૩

तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा ।
तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहत् ॥ ४ ॥

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥ ૪ ॥

અર્થ:—પણ તેનું કહેલું દુર્બોધ છે માટે જેવી રીતે સુબોધ થાય તેવી રીતે સમગ્ર પાપને હણનાર તે શ્રીમહાપ્રભુજીનાં એકસો આઠ નામ કહું છું. ૪

ऋषिरग्निकुमारस्तु नाम्नांछंदोजगत्यसौ ।
श्रीकृष्णास्यं देवता च बीजं कारुणिकः प्रभुः ॥५॥

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાંછંદોજગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥

અર્થ:—આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર શ્રીગુસાંઇજી છે અને જગતી છંદ છે, તથા દેવતા શ્રીમદ્વલ્લભાચાર્યજી છે અને કારુણિક પ્રભુ એ બીજ છે. ૫

विनियोगो भक्तियोगः प्रतिबंधविनाशने ।
कृष्णाधरामृतास्वाद सिद्धिरत्र न संशयः ॥ ६ ॥

વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ ॥ ૬ ॥

અર્થ:—અને આ સર્વોત્તમસ્તોત્રમાં પ્રતિબંધ નાશ કરવા સારૂ વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિયોગ છે, અને શ્રીકૃષ્ણના અધરામૃત સ્વાદની અહીં સિદ્ધિ છે એમાં કાંઈ સંશય નથી. ૬

आनंदः[१] परमानंदः[२] श्रीकृष्णास्यं[३] कृपानिधिः[४] ।
दैवोद्धारप्रयत्नात्मा[५] स्मृतिमात्रार्तिनाशनः[६] ॥ ७ ॥

*[૧]આનંદઃ [૨]પરમાનંદઃ [૩]શ્રીકૃષ્ણાસ્યં [૪]કૃપાનિધિઃ ।
[૫]દૈવોદ્ધારપ્રયત્નાત્મા[૬]સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥ ૭ ॥

અર્થઃ—આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખાર્વિંદરૂપ અને કૃપાના ભંડારરૂપ અને દૈવીજીવોના ઉદ્ધાર કરવા સારૂ પોતાના મનમાં યત્ન કરનારા અને સ્મરણ માત્રથી પીડાને નાશ કરનારા એવા શ્રીમહાપ્રભુજી છે. ૭

[७]श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः ।
[८]साकारब्रह्मवादैकस्थापको [९]वेदपारगः ॥ ८ ॥

[૭]શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
[૮]સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો [૯]વેદપારગઃ ॥ ૮ ॥

અર્થઃ—શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર એવા અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદના પાર પામેલા એવા આચાર્યશ્રીમહાપ્રભુજી. ૮

[१०]मायावादनिराकर्त्ता [११]सर्ववादिनिरासकृत् ।

---

*જે શબ્દ ઉપર ૧ થી ૧૦૮ સુધી આંકડા મૂકવામાં આવ્યા છે તે જગાએ આચાર્યશ્રીમહાપ્રભુનાં નામ સમજવાં.

[૧૨] भक्तिमार्गाब्जमार्त्तंडः [૧૩] स्त्रीशूद्राद्युद्धृतिक्षमः ॥ ९ ॥

[૧૦] માયાવાદનિરાકર્ત્તા [૧૧] સર્વવાદિનિરાસકૃત્ ।
[૧૨] ભક્તિમાર્ગાબ્જમાર્ત્તંડઃ [૧૩] સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥ ૯ ॥

અર્થઃ—માયાવાદનું ખંડન કરનારા અને સર્વ વાદિઓને પરાજય કરનારા અને ભક્તિમાર્ગરુપી કમલમાં સૂર્યરુપ અને સ્ત્રીઓ તથા શૂદ્રાદિના ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રીમહાપ્રભુજી. ૯

[૧૪] अंगीकृत्यैवगोपीशवल्लभीकृतमानवः ।
[૧૫] अंगीकृतौसमर्यादो [૧૬] महाकारुणिको [૧૭] विभुः ॥१०॥

[૧૪] અંગીકૃત્યૈવગોપીશવલ્લભીકૃતમાનવઃ ।
[૧૫] અંગીકૃતૌસમર્યાદો [૧૬] મહાકારુણિકો [૧૭] વિભુઃ ॥ ૧૦ ॥

અર્થઃ—અંગીકાર કરવાને વિષે મર્યાદાવાળા અને મહાદયાલુ, અને પોતે અંગીકાર કરીને ગોપીપતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર એવા અને સર્વ સમર્થ શ્રીમહાપ્રભુજી. ૧૦

[१८]अदेयदानदक्षश्च [१९]महोदारचारित्रवान् ।
[२०]प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः ॥ ११ ॥

[૧૮]અદેયદાનદક્ષશ્ચ [૧૯]મહોદારચરિત્રવાન્ ।
[૨૦]પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥ ૧૧ ॥

અર્થઃ—ન આપી શકાય એવાં દાન દેવા સમર્થ એવા, અને ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાના મીષેથી આસુરી જનોને મોહિત કરનાર. ૧૧

[२१]वैश्वानरो [२२]वल्लभाख्यः [२३]सद्रूपो [२४]हितकृत्सताम् ।
[२५]जनशिक्षाकृतेकृष्णभक्तिकृ [२६]न्निखिलेष्टदः ॥ १२ ॥

[૨૧]વૈશ્વાનરો [૨૨]વલ્લભાખ્યઃ [૨૩]સદ્રૂપો [૨૪]હિતકૃત્સતામ્ ।
[૨૫]જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃ [૨૬]ન્નિખિલેષ્ટદઃ ॥ ૧૨ ॥

અર્થઃ—અગ્નિથી ઉત્પન્ન થએલા વલ્લભનામવાળા, સારા રુપવાળા સત્પુરુષોના હિતકારી, મનુષ્યોને શિખવવા સારૂ શ્રીકૃષ્ણની ભકિત કરનારા સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનાર એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. ૧૨

[२७]सर्वलक्षणसंपन्नः [२८]श्रीकृष्णज्ञानदो [२९]गुरुः ।
[३०]स्वानंदतुंदिलः [३१]पद्मदलायतविलोचनः ॥ १३ ॥

[૨૭]સર્વલક્ષણસંપન્નઃ [૨૮]શ્રીકૃષ્ણજ્ઞાનદો [૨૯]ગુરુઃ ।
[૩૦]સ્વાનંદતુંદિલઃ [૩૧]પદ્મદલાયતવિલોચનઃ ॥ ૧૩ ॥

અર્થ:--સર્વ લક્ષણથી યુક્ત, શ્રીકૃષ્ણના જ્ઞાનને દેનાર, અને ગુરુ અને પોતાના સ્વરુપે કરીને આનંદવાળા, કમળદલ સરખા વિશાળ નેત્રવાળા એવા શ્રીમહાપ્રભુજી. ૧૩

[३२]कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियः [३३]पतिः ।
[३४]रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट् [३५]भक्तसेवितः ॥१४॥

[૩૨]કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ [૩૩]પતિઃ ।
[૩૪]રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્ [૩૫]ભક્તસેવિતઃ ॥ ૧૪ ॥

અર્થ:--કૃપાયુક્તદૃષ્ટિરુપ વૃષ્ટિવડે ખુશી થયેલા દાસદાસી જનોને પ્રિય, અને રોષવાળી દૃષ્ટિવડે ભક્તોના દ્વેષીયોને બાળી નાંખનાર, અને ભક્તોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી. ૧૪

[३६] सुखसेव्यो [३७] दुराराध्यो [३८] दुर्लभांघ्रिसरोरुहः ।
[३९] उग्रप्रतापो [४०] वाक्सिधुःपूरिताशेषसेवकः ॥ १५ ॥

[૩૬] સુખસેવ્યો [૩૭] દુરારાધ્યો [૩૮] દુર્લભાંઘ્રિસરોરુહઃ
[૩૯] ઉગ્રપ્રતાપો [૪૦] વાક્સિધુઃપૂરિતાશેષસેવકઃ ॥ ૧૫ ॥

અર્થઃ—સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરી આરાધના કરવા યોગ્ય, જેમના ચરણકમલ દુર્લભ છે, ઉગ્રપ્રતાપવાળા, વચનામૃતવડે સમગ્ર સેવકોના અર્થને પૂર્ણ કરનાર. ૧૫

[४१] श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः ।
[४२] तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रहः ॥ १६ ॥

[૪૧] શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
[૪૨] તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥ ૧૬ ॥

અર્થઃ—શ્રીભાગવતરુપી અમૃતનો સમુદ્ર મથન કરી શ્રીસુબોધિનીજીની કથા કરવામાં સમર્થ અને તે શ્રીભાગવતને વિષે સારભૂત એવી રાસક્રીડા સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ દેહવાળા. ૧૬

[૪૩] सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा [૪૪] विमुक्तिदः ।
[૪૫] रासलीलैकतात्पर्यः [૪૬] कृपयैतत्कथाप्रदः ॥ १७ ॥

[૪૩] સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા [૪૪] વિમુક્તિદઃ ।
[૪૫] રાસલીલૈકતાત્પર્યઃ [૪૬] કૃપયૈતત્કથાપ્રદઃ ॥ ૧૭ ॥

અર્થઃ—પોતાની સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિષે પ્રેમનું દાન કરનાર એવા અને મુક્તિને દેનારા રાસલીલામાં એક તાત્પર્યવાળા અને કૃપાએ કરીને એ શ્રીકૃષ્ણની કથાને દેનારા. ૧૭

[૪૭] विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः ।
[૪૮] भक्त्याचारोपदेष्टा च [૪૯] कर्ममार्गप्रवर्त्तकः ॥ १८ ॥

[૪૭] વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।
[૪૮] ભક્ત્યાચારોપદેષ્ટા ચ [૪૯] કર્મમાર્ગપ્રવર્ત્તકઃ ॥ ૧૮ ॥

અર્થઃ—કેવળ વિરહના અનુભવ સારૂ સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા, ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા, અને કર્મમાર્ગને પ્રવર્તાવનારા એવા શ્રીઆચાર્યજી. ૧૮

૫૦
यागादौभक्तिमार्गैकसाधनत्वोपदेशकः ।

૫૧ ૫૨ ૫૩ ૫૪
पूर्णानंदः पूर्णकामो वाक्पति र्विबुधेश्वरः ॥ १९ ॥

૫૦
યાગાદૌભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।

૫૧ ૫૨ ૫૩ ૫૪
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિ ર્વિબુધેશ્વરઃ ॥ ૧૯ ॥

અર્થઃ—યજ્ઞયાગાદિ કર્મમાં ભક્તિમાર્ગનુજ એક સાધન પણું છે એવો ઉપદેશ કરનાર પૂર્ણ આનંદવાળા, પૂર્ણ કામના-વાળા, વાણીના પતિ અને પંડિતો અથવા દેવતાઓના ઇશ્વર એવા શ્રીઆચાર્યજી. ૧૯

૫૫ ૫૬
कृष्णनामसहस्रस्यवक्ता भक्तपरायणः ।

૫૭
भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपकः ॥ २० ॥

૫૫ ૫૬
કૃષ્ણનામસહસ્રસ્યવક્તા ભક્તપરાયણઃ ।

૫૭
ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાકયનિરૂપકઃ ॥ ૨૦ ॥

અર્થઃ—શ્રીકૃષ્ણના હજાર નામને કહેનારા અને ભકતોને શરણરૂપ અને ભક્તિ તથા આચારના ઉપદેશ સારૂ નાના પ્રકારના વાકયને નિરૂપણ કરનારા એવા. ૨૦

૫૮ ૫૯

स्वार्थोज्झिताखिलप्राणप्रिय स्तादृशवेष्टितः ।

૬૦ ૬૧

स्वदासार्थकृताशेषसाधन सर्वशक्तिधृक् ॥ २१ ॥

૫૮ ૫૯

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિય સ્તાદૃશવેષ્ટિતઃ ।

૬૦ ૬૧

સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥ ૨૧ ॥

અર્થઃ—શ્રીઆચાર્યજી અર્થે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરુષોને પ્રિય એવા અને તેવા તાદૃશી પુરુષોથી વીંટાયેલા અને પોતાના દાસને સારૂ સમગ્ર સાધન કરનાર અને સર્વ શક્તિને ધારણ કરનાર એવા શ્રીઆચાર્યજી. ૨૧

૬૨ ૬૩

भुविभक्तिप्रचारैककृतेस्वान्वयकृ त्पिता ।

૬૪ ૬૫

स्ववंशेस्थापिताऽशेषस्वमहात्म्यः स्मयापहः ॥ २२ ॥

૬૨ ૬૩

ભુવિભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃ ત્પિતા ।

૬૪ ૬૫

સ્વવંશેસ્થાપિતાઽશેષસ્વમહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥

અર્થઃ—પૃથ્વિમાં કેવળ ભક્તિનો પ્રચાર કરવા સારૂ પોતાના વંશનો વિસ્તાર કરનાર અને પિતારૂપ અને પોતાના વિષે પોતાના સમગ્ર મહાત્મ્યનું સ્થાપન કરનાર અને ગર્વનો નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી. ૨૨

૬૬ पतिव्रतापतिः ૬૭ पारलौकिकैहिकदानकृत् ।

૬૮ निगूढहृदयो ૬૯ ऽनन्यभक्तेषुज्ञापिताशयः ॥ २३ ॥

૬૬ પતિવૃતાપતિઃ ૬૭ પારલૌકિકૈહિકદાનકૃત્ ।

૬૮ નિગૂઢહૃદયો ૬૯ ઽનન્યભક્તેષુજ્ઞાપિતાશયઃ ॥ ૨૩ ॥

અર્થઃ—પતિવૃતાઓના પતિ અને પરલોક તથા આ લોક સંબંધી દાન કરનાર અને ગૂઢ હૃદયવાળા અનન્ય ભકતોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર. ૨૩

૭૦ उपासनादिमार्गातिमुग्धमोहनिवारकः ।

૭૧ भक्तिमार्गेसर्वमार्गवैलक्षण्यानुभूतिकृत् ॥ २४ ॥

૭૦ ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।

૭૧ ભક્તિમાર્ગેસર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥ ૨૪ ॥

અર્થઃ—ઉપાસનાદિ માર્ગોમાં અતિ મુગ્ધ પુરુષોના મોહને મટાડનાર ભકિતમાર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરાવનાર એવા. ૨૪

૭૨ ૭૩
प्रथक्शरणमार्गोपदेष्टा श्रीकृष्णहार्दवित् ।
૭૪
प्रतिक्षणनिकुंजस्थलीलारससुपूरितः ॥ २५ ॥

૭૨ ૭૩
પ્રથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
૭૪
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥ ૨૫ ॥

અર્થઃ—જુદી રીતે શરણ માર્ગનો ઉપદેશ કરનાર, શ્રીકૃષ્ણના હાર્દને જાણનાર, ક્ષણે ક્ષણે નિકુંજમાં થએલી (રાસ) લીલાના રસે કરીને પરિપૂર્ણ એવા. ૨૫

૭૫ ૭૬ ૭૭
तत्कथाक्षिप्तचित्त स्तद्विस्मृतान्यो व्रजप्रियः ।
૭૮ ૭૯ ૮૦
प्रियव्रजस्थितिः पुष्टिलीलाकर्त्ता रहःप्रियः ॥ २६ ॥

૭૫ ૭૬ ૭૭
તત્કથાક્ષિપ્તચિત્ત સ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
૭૮ ૭૯ ૮૦
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્ત્તા રહઃપ્રિયઃ ॥ ૨૬ ॥

અર્થઃ—તે નિકુંજવનમાં શ્રીકૃષ્ણચંદ્ર સંબંધી રાસ લીલા કથા વડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારૂ અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ કરાવનાર અને

વ્રજમાં પ્રીતિવાળા અને પ્રિય વ્રજમાં સ્થિતિવાળા, અને પુષ્ટિ સંબંધી રાસલીલા કરનાર અને એકાંતિક ભકતમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી. ૨૬

[૮૧] भक्तेच्छापूरकः [૮૨] सर्वाज्ञातलीलो [૮૩] ऽतिमोहनः ।
[૮૪] सर्वासक्तो [૮૫] भक्तमात्रासक्तः [૮૬] पतितपावनः ॥ २७ ॥

[૮૧] ભકતેચ્છાપૂરકઃ [૮૨] સર્વાજ્ઞાતલીલો [૮૩] ઽતિમોહનઃ ।
[૮૪] સર્વાસકતો [૮૫] ભકતમાત્રાસકતઃ [૮૬] પતિતપાવનઃ ॥ ૨૭ ॥

અર્થઃ—ભકતની ઈચ્છાને પૂર્ણ કરનારા બીજા સર્વે પુરુષોને અજ્ઞાત છે લીલા જેની એવા અને અત્યંત મોહ કરનાર, સર્વને વિષે આસકિત રહિત, અને કેવળ ભકતને વિષે આસકત, અને પતિત પુરુષોને પવિત્ર કરનારા, એવા શ્રીઆચાર્યજી. ૨૭

[૮૭] स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टरः ।
[૮૮] यशःपीयूषलहरीप्लावितान्यरसः [૮૯] परः ॥ २८ ॥

[૮૭] સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ ।

૮૮ ૮૯
યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ પરઃ ॥ ૨૮ ॥

અર્થઃ—પોતાનો યશ ગાવાથી પ્રસન્ન થયેલા ભકતના હૃદયરૂપ કમલમાં આસન કરનાર, યશરૂપ અમૃતની લહેરથી ભીંજાવેલ છે અન્ય રસ જેણે એવા, અને સર્વથી શ્રેષ્ઠ એવા શ્રીમહાપ્રભુજી. ૨૮

९०
लीलामृतरसार्द्रार्द्रीकृताखिलशरीरभृत् ।
९१ ९२
गोवर्द्धनस्थित्युत्साह स्तल्लीलाप्रेमपूरितः ॥ २९ ॥

૯૦
લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
૯૧ ૯૨
ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહ સ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥ ૨૯ ॥

અર્થઃ—લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવવડે સકળ શરીર ધારીને રસવાળા કરનાર અને શ્રીગોવર્દ્ધન ગિરિરાજની સ્થિતિમાં ઉત્સાહવાળા અને તે ભગવદ્ લીલામાં પ્રેમરસવડે પરિપૂર્ણ એવા શ્રીમહાપ્રભુજી. ૨૯

૯૩ ૯૪ ૯૫
यज्ञभोक्ता यज्ञकर्त्ता चतुर्वर्गविशारदः ।
૯૬ ૯૭ ૯૮
सत्यप्रतिज्ञ स्त्रिगुणातीतो नयविशारदः ॥ ३० ॥

૯૩ ૯૪ ૯૫
યજ્ઞભોક્તા યજ્ઞકર્ત્તા ચતુર્વર્ગવિશારદઃ ।
૯૬ ૯૭ ૯૮
સત્યપ્રતિજ્ઞ સ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥ ૩૦ ॥

અર્થઃ—યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા, તથા **ધર્મ, અર્થ, કામ** અને મોક્ષને દેવામાં ડહાપણવાળા, સાચી પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નીતિમાં ચતુર એવા શ્રીઆચાર્યજી.૩૦

९९ १००
स्वकीर्त्तिवर्द्धन स्तत्त्वसूत्रभाष्यप्रदर्शकः ।
१०१ १०२
मायावादाख्यतूलाग्नि र्ब्रह्मवादनिरूपकः ॥ ३१ ॥

૯૯ ૧૦૦
સ્વકીર્તિવર્દ્ધન સ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
૧૦૧ ૧૦૨
માયાવાદાખ્યતૂલાગ્નિ ર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥ ૩૧ ॥

અર્થઃ—પોતાની કીર્તિને વધારનાર અને સાંખ્ય, તત્વ અને વ્યાસસૂત્રના ભાષ્યને કરનાર અને માયાવાદરૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા એવા શ્રીઆચાર્યજી. ૩૧

१०३ १०४
अप्राकृताऽखिलाकल्पभूषितः सहजस्मितः ।
१०५ १०६ १०७
त्रिलोकीभूषणं भूमिभाग्यं सहजसुंदरः ॥ ३२ ॥

[૧૦૩] અપ્રાકૃતાઽખિલાકલ્પભૂષિતઃ [૧૦૪] સહજસ્મિતઃ ।
[૧૦૫] ત્રિલોકીભૂષણં [૧૦૬] ભૂમિભાગ્યં [૧૦૭] સહજસુંદરઃ ॥ ૩૨ ॥

અર્થઃ--અલૌકિક સર્વ શૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્યવાળા ત્રણ લોકમાં ભૂષણ સરખા પૃથ્વિના ભાગ્યરૂપ અને સહેજે આભૂષણાદિ ધારણ કર્યા વિના પણ સુંદર મૂર્તિવાળા.૩૨

[१०८] अशेषभक्तसंप्रार्थ्यचरणाब्जरजोधनः ।
इत्यानंदनिधेः प्रोक्तंनाम्नामष्टोत्तरंशतम् ॥ ३३ ॥

[૧૦૮] અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઇત્યાનંદનિધેઃ પ્રોક્તંનામ્નામષ્ટોતરંશતમ્ ॥ ૩૩ ॥

અર્થઃ—જેના ચરણકમળના રજરૂપી ધન અશેષ ભક્તજનોએ સંપ્રાર્થનીય છે (એટલે સારી રીતે ઇચ્છા કરવા યોગ્ય છે) એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસો ને આઠ નામ કહ્યાં. ૩૩

श्रद्धाविशुद्धबुद्धिर्यः पठत्यनुदिनंजनः ।
सतदेकमनाः सिद्धिमुक्तां प्राप्नोत्यसंशयः ॥ ३४ ॥

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનંજનઃ ।

સતદેકમના: સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશય: ॥ ૩૪ ॥

અર્થ:—શ્રદ્ધાવડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હમેશાં તેને વિષે નિશ્ચય મનવાળો થઇને આ સ્તોત્રનો પાઠ કરે, તો તે પુરુષ કહેલી મહા સિદ્ધિને પ્રાપ્ત થાય એમાં કાંઈ સંશય નથી. ૩૪

तदप्राप्तौवृथामोक्ष स्तदाप्तौतद्गतार्थता ।
अतःसर्वोत्तमंस्तोत्रं जप्यंकृष्णरसार्थिभिः ॥ ३५ ॥

તદપ્રાપ્તૌવૃથામોક્ષ સ્તદાપ્તૌતદ્ગતાર્થતા ।
અત:સર્વોત્તમંસ્તોત્રં જપ્યંકૃષ્ણરસાર્થિભિ: ॥ ૩૫ ॥

અર્થ:—તે શ્રીઆચાર્યજીની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે, અને તે સ્વમાર્ગ સંબંધી ફળની પ્રાપ્તી થાય તો સાયુજ્યાદિક મોક્ષનુ પણ નિરર્થકપણું છે, **એ** વાસ્તે આ **શ્રીસર્વોત્તમસ્તોત્ર**નો, શ્રીકૃષ્ણચંદ્રરૂપ રસની ઇચ્છાવાળા પુરુષોએ જપ કરવો. ૩૫

॥ इति श्रीमदग्निकुमारप्रोक्तं सर्वोत्तमस्तोत्रं संपूर्णम् ॥

એ રીતે શોભાયમાન શ્રીઅગ્નિકુમાર કહેતાં
શ્રીવિઠ્ઠલેશજીએ રચેલું આ **સર્વોત્તમસ્તોત્ર સટીક**
ગુજરાતી ભાષામાં સંપૂર્ણ થયું.

અથ શ્રીસર્વોત્તમ જપવિધિ.

॥ श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

१ आनंदाय नमः	૧ આનંદાય નમઃ
२ परमानंदाय नमः	૨ પરમાનંદાય નમઃ
३ श्रीकृष्णास्याय नमः	૩ શ્રીકૃષ્ણાસ્યાય નમઃ
४ कृपानिधये नमः	૪ કૃપાનિધયે નમઃ
५ दैवोद्धारप्रयत्नात्मने नमः	૫ દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ
६ स्मृतिमात्रार्तिनाशनाय नमः	૬ સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ
७ श्रीभागवतगूढार्थप्रकाशन-परायणाय नमः	૭ શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશન-પરાયણાય નમઃ

८ साकारब्रह्मवादैकस्थापकाय नमः

९ वेदपारगाय नमः

१० मायावादनिराकर्त्रे नमः

११ सर्ववादिनिरासकृते नमः

१२ भक्तिमार्गाब्जमार्तंडाय नमः

१३ स्त्रीशूद्राद्युद्धृतिक्षमाय नमः

१४ अंगीकृत्यैवगोपीशवल्लभी-
कृतमानवाय नमः

१५ अंगीकृतौसमर्यादाय नमः

१६ महाकारुणिकाय नमः

૮ સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ

૯ વેદપારગાય નમઃ

૧૦ માયાવાદનિરાકર્ત્રે નમઃ

૧૧ સર્વવાદિનિરાસકૃતે નમઃ

૧૨ ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ

૧૩ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમાય નમઃ

૧૪ અંગીકૃત્યૈવગોપીશવલ્લભી-
કૃતમાનવાય નમઃ

૧૫ અંગીકૃતૌસમર્યાદાય નમઃ

૧૬ મહાકારુણિકાય નમ.

१७ विभवे नमः	૧૭ વિભવે નમઃ
१८ अदेयदानदक्षाय नमः	૧૮ અદેયદાનદક્ષાય નમઃ
१९ महोदारचरित्रवते नमः	૧૯ મહોદારચરિત્રવતે નમઃ
२० प्राकृतानुकृतिव्याजमोहिता-सुरमानुषाय नमः	૨૦ પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતા-સુરમાનુષાય નમઃ
२१ वैश्वानराय नमः	૨૧ વૈશ્વાનરાય નમઃ
२२ वल्लभाख्याय नमः	૨૨ વલ્લભાખ્યાય નમઃ
२३ सद्रूपाय नमः	૨૩ સદ્રૂપાય નમઃ
२४ सतांहितकृते नमः	૨૪ સતાંહિતકૃતે નમઃ
२५ जनशिक्षाकृतेकृष्णभक्तिकृते नमः	૨૫ જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃતે નમઃ

२६ निखिलेष्टदाय नमः	૨૬ નિખિલેષ્ટદાય નમઃ
२७ सर्वलक्षणसंपन्नाय नमः	૨૭ સર્વલક્ષણસંપન્નાય નમઃ
२८ श्रीकृष्णज्ञानदाय नमः	૨૮ શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ
२९ गुरवे नमः	૨૯ ગુરવે નમઃ
३० स्वानंदतुंदिलाय नमः	૩૦ સ્વાનંદતુંદિલાય નમઃ
३१ पद्मदलायतविलोचनाय नमः	૩૧ પદ્મદલાયતવિલોચનાય નમઃ
३२ कृपादृग्वृष्टिसंहृष्टदासदासी-प्रियाय नमः	૩૨ કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયાય નમઃ
३३ पतये नमः	૩૩ પતયે નમઃ

३४ रोषदृक्पातसंप्लुष्टभक्तद्विषे नमः
३५ भक्तसेविताय नमः
३६ सुखसेव्याय नमः
३७ दुराराध्याय नमः
३८ दुर्लभांघ्रिसरोरुहाय नमः
३९ उग्रप्रतापाय नमः
४० वाक्सीधुपूरिताशेषसेवकाय नमः
४१ श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमाय नमः

૩૪ રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિષે નમઃ
૩૫ ભક્તસેવિતાય નમઃ
૩૬ સુખસેવ્યાય નમઃ
૩૭ દુરારાધ્યાય નમઃ
૩૮ દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ
૩૯ ઉગ્રપ્રતાપાય નમઃ
૪૦ વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ
૪૧ શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમઃ

४२ तत्सारभूतरासस्त्रीभावपूरित-
विग्रहाय नमः
४३ सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेम्णे
नमः
४४ विमुक्तिदाय नमः
४५ रासलीलैकतात्पर्याय नमः
४६ कृपयैतत्कथाप्रदाय नमः
४७ विरहानुभवैकार्थसर्वत्यागोप-
देशकाय नमः
४८ भक्त्याचारोपदेष्ट्रे नमः
४९ कर्ममार्गप्रवर्त्तकाय नमः

૪૨ તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિત-
વિગ્રહાય નમઃ
૪૩ સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમ્ણે
નમઃ
૪૪ વિમુક્તિદાય નમઃ
૪૫ રાસલીલૈકતાત્પર્યાય નમઃ
૪૬ કૃપયૈતકથાપ્રદાય નમઃ
૪૭ વિરહાનુભવૈકાર્થસર્વત્યાગો-
પદેશકાય નમઃ
૪૮ ભક્ત્યાચારોપદેષ્ટ્રે નમઃ
૪૯ કર્મમાર્ગપ્રવર્ત્તકાય નમઃ

५० यागादौभक्तिमार्गैकसाधन-
त्वोपदेशकाय नमः
५१ पूर्णानंदाय नमः
५२ पूर्णकामाय नमः
५३ वाक्पतये नमः
५४ विबुधेश्वराय नमः
५५ कृष्णनामसहस्रस्यवक्त्रे
नमः
५६ भक्तपरायणाय नमः
५७ भक्त्याचारोपदेशार्थनाना-
वाक्यनिरूपकाय नमः

૫૦ યાગાદૌભક્તિમાર્ગૈકસાધન-
ત્વોપદેશકાય નમઃ
૫૧ પૂર્ણાનંદાય નમઃ
૫૨ પૂર્ણકામાય નમઃ
૫૩ વાક્પતયે નમઃ
૫૪ વિબુધેશ્વરાય નમઃ
૫૫ કૃષ્ણનામસહસ્રસ્યવક્ત્રે
નમઃ
૫૬ ભક્તપરાયણાય નમઃ
૫૭ ભક્ત્યાચારોપદેશાર્થનાના
વાક્યનિરૂપકાય નમઃ

५८ स्वार्थोज्झिताखिलप्राणप्रियाय नमः
५९ तादृषवेष्ठिताय नमः
६० स्वदासार्थकृताशेषसाधनाय नमः
६१ सर्वशक्तिधृषे नमः
६२ भुविभक्तिप्रचारैककृतेस्वान्वयकृते नमः
६३ पित्रे नमः
६४ स्ववंशेस्थापिताशेषस्वमहात्म्याय नमः

૫૮ સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિયાય નમઃ
૫૯ તાદ્દષવેષ્ઠિતાય નમઃ
૬૦ સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ
૬૧ સર્વશક્તિધૃષે નમઃ
૬૨ ભુવિભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃતે નમઃ
૬૩ પિત્રે નમઃ
૬૪ સ્વવંશેસ્થાપિતાશેષસ્વમહાત્મ્યાય નમઃ

६५ स्मयापहाय नमः	૬૫ સ્મયાપહાય નમઃ
६६ पतिवृतापतये नमः	૬૬ પતિવૃતાપતયે નમઃ
६७ पारलौकिकैहिकदानकृते नमः	૬૭ પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ
६८ निगूढहृदयाय नमः	૬૮ નિગૂઢહૃદયાય નમઃ
६९ अनन्यभक्तेषुज्ञापिताशयाय नमः	૬૯ અનન્યભક્તેષુજ્ઞાપિતાશયાય નમઃ
७० उपासनादिमार्गातिमुग्धमोहनिवारकाय नमः	૭૦ ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહ-નિવારકાય નમઃ
७१ भक्तिमार्गेसर्वमार्गवैलक्षण्यानुभूतिकृते नमः	૭૧ ભક્તિમાર્ગેસર્વમાર્ગવૈલક્ષણ્યાનુ-ભૂતિકૃતે નમઃ

७२ प्रथक्शरणमार्गोपदेष्ट्रे नमः	૭૨ પ્રથક્શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ
७३ श्रीकृष्णहार्दविदे नमः	૭૩ શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ
७४ प्रतिक्षणनिकुंजस्थलीलारस- सुपूरिताय नमः	૭૪ પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસ- સુપૂરિતાય નમઃ
७५ तत्कथाक्षिप्तचित्ताय नमः	૭૫ તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ
७६ तद्विस्मृतान्याय नमः	૭૬ તદ્વિસ્મૃતાન્યાય નમઃ
७७ व्रजप्रियाय नमः	૭૭ વ્રજપ્રિયાય નમઃ
७८ प्रियव्रजस्थितये नमः	૭૮ પ્રિયવ્રજસ્થિતયે નમઃ
७९ पुष्टिलीलाकर्त्रे नमः	૭૯ પુષ્ટિલીલાકર્ત્રે નમઃ
८० रहःप्रियाय नमः	૮૦ રહઃપ્રિયાય નમઃ
८१ भक्तेच्छापूरकाय नमः	૮૧ ભક્તેચ્છાપૂરકાય નમઃ

८२ सर्वाज्ञातलीलाय नमः

८३ अतिमोहनाय नमः

८४ सर्वासक्ताय नमः

८५ भक्तमात्रासक्ताय नमः

८६ पतितपावनाय नमः

८७ स्वयशोगानसंहृष्टहृदयांभोज-
विष्टराय नमः

८८ यशःपीयूषलहरीप्लावितान्य-
रसाय नमः

८९ पराय नमः

९० लीलामृतरसार्द्रार्द्रीकृताखिल-
शरीरभृते नमः

૮૨ સર્વાજ્ઞાતલીલાય નમઃ

૮૩ અતિમોહનાય નમઃ

૮૪ સર્વાસકતાય નમઃ

૮૫ ભકતમાત્રાસકતાય નમઃ

૮૬ પતિતપાવનાય નમઃ

૮૭ સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજ-
વિષ્ટરાય નમઃ

૮૮ યશઃપીયૂષલહરીપ્લાવિતાન્ય-
રસાય નમઃ

૮૯ પરાય નમઃ

૯૦ લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલ-
શરીરભૃતે નમઃ

९१ गोवर्द्धनास्थित्युत्साहाय नमः
९२ तल्लीलाप्रेमपूरिताय नमः
९३ यज्ञभोक्त्रे नमः
९४ यज्ञकर्त्रे नमः
९५ चतुर्वर्गविशारदाय नमः
९६ सत्यप्रतिज्ञाय नमः
९७ त्रिगुणातीताय नमः
९८ नयविशारदाय नमः
९९ स्वकीर्तिवर्द्धनाय नमः
१०० तत्वसूत्रभाष्यप्रदर्शकाय
नमः
१०१ मायावादाख्यतूलाग्नये नमः

૯૧ ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહાય નમઃ
૯૨ તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ
૯૩ યજ્ઞભોક્ત્રે નમઃ
૯૪ યજ્ઞકર્ત્રે નમઃ
૯૫ ચતુર્વર્ગવિશારદાય નમઃ
૯૬ સત્યપ્રતિજ્ઞાય નમઃ
૯૭ ત્રિગુણાતીતાય નમઃ
૯૮ નયવિશારદાય નમઃ
૯૯ સ્વકીર્તિવર્દ્ધનાય નમઃ
૧૦૦ તત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય
નમઃ
૧૦૧ માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ

१०२ ब्रह्मवादनिरूपकाय नमः
१०३ अप्राकृताखिलाकल्पभूषिताय नमः
१०४ सहजास्मिताय नमः
१०५ त्रिलोकीभूषणाय नमः
१०६ भूमिभाग्याय नमः
१०७ सहजसुंदराय नमः
१०८ अशेषभक्तसंप्रार्थ्यचरणाब्जरजोधनाय नमः

इति श्रीविठ्ठलेश्वर विरचिता

अष्टोत्तरशत नामावलि संपूर्णा.

૧૦૨ બ્રહ્મવાદનિરૂપકાય નમઃ
૧૦૩ અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ
૧૦૪ સહજસ્મિતાય નમઃ
૧૦૫ ત્રિલોકીભૂષણાય નમઃ
૧૦૬ ભૂમિભાગ્યાય નમઃ
૧૦૭ સહજસુંદરાય નમઃ
૧૦૮ અશેષભકતસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ

એ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશ્વરજીએ રચેલી

૧૦૮ નામાવલિ સંપૂર્ણ થઇ.

॥ श्रीहरिः ॥

અથ શ્રીસર્વોત્તમજીનું

ધોળ.

ભલે પ્રકટયા શ્રીવલ્લભદેવ શ્રીપુરુષોત્તમ ભૂતલ ફરીજી;
નહી પ્રાકૃત ધર્મનો લેશ; અપ્રાકૃત નિજવપુ ધરીજી.૧
કરે નિગમ નિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરીજી;
મહા કલિકાલાદિક દોષ, પંડિત દ્દષ્ટિ તિમિર ભરીજી.૨
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુર અરિજી;
વહાલો દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રાકટ કરીજી. ૩
જેની વાણી અતિ દુર્બોધ થાયે સુબોધ જેને કરીજી;
જેનાં અષ્ટોતર શત નામ, તે કહીએ મહાઅઘ હરીજી.૪
જેના ઋષિવર અગ્નિકુમાર જગતી છંદ નામે ધરીજી;
શ્રીકૃષ્ણ કમળ મુખદેવ, બીજ દૃષ્ટિ કરૂણા ભરીજી. ૫
જેની ભક્તિમાં અંતરાય, તે નાશને પ્રયોજન સહિજી;
આપે અધરામૃતની સિદ્ધિ, તે મધ્યે નિશ્ચે કરીજી. ૬

ઢાળ.

વહાલો *આનંદ[૧] પરમાનંદ[૨] કહેવાય,
શ્રીકૃષ્ણ[૩] કમળ મુખ કૃપાનિધિ[૪] થાય. ૭
વહાલો દૈવી[૫] ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય,
જેના સ્મરણ[૬] માત્રથી આર્તિ જાય. ૮
શ્રીભાગવત[૭] ગૂઢાર્થ પ્રકટાય,
સાકાર[૮] બ્રહ્મનો વાદ સ્થપાય. ૯
વેદ[૯] પારંગ ચૌદ ભુવન કહેવાય,
માયાવાદ[૧૦] નિરાકૃત સહુ મીલિ ગાય. ૧૦
સર્વવાદિ[૧૧] નિરાસ કીધા તે લખાય,
ભક્તિમાર્ગ[૧૨] સરસ કમળ વિકસાય. ૧૧
સ્ત્રીશૂદ્રાદિકને[૧૩] ઉદ્ધારવા સમર્થ,
જેના સાધન બળથી ન થાય અર્થ. ૧૨
અંગીકાર[૧૪] માત્રથી સર્વ સ્વકીયે,
કીધાં શ્રીગોપીજન પતિને પ્રિયે. ૧૩

*જે શબ્દ ઉપર ૧ થી ૧૦૮ સુધી આંકડા મૂકવામાં આવ્યા છે તે જગાએ આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં નામો સમજવાં.

[15]અંગીકાર કરે મર્યાદાનું સાર,
[16]મહાકરૂણાવંત [17]સમર્થ અપાર. ૧૪
વહાલો [18]અદેયદાન દેવાને ચતુર,
[19]મહાઉદાર ચરિત્ર કરે બહુ પૂર. ૧૫
લીલા દેખાડી [20]પ્રાકૃતની જેહ,
તે મીષે મોહ્યા સુર રિપુ તેહ. ૧૬
[21]વૈશ્વાનર* [22]શ્રીવલ્લભ છે નામ,
વહાલો [23]સુંદરરૂપ [24]સ્વજન હિતકામ. ૧૭
[25]કૃષ્ણ ભક્તિ કરે જન શિક્ષાકાજ,
આપે [26]અખિલ ઇષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮
સર્વ [27]લક્ષણથી સંપન્ન વિવેક,
[28]શ્રીકૃષ્ણ જ્ઞાન દાતા [29]ગુરૂ એક. ૧૯
[30]પોતાના આનંદ થકી બહુ પુષ્ટ,
એના [31]કમળ પત્રસે નેત્ર સંતુષ્ટ. ૨૦
[32]કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી હરખ્યાં મન,

* અગ્નિ.

તે દાસ દાસી પ્રિય પતિ[33] ને અનન્ય. ૨૧
રોષદૃષ્ટિ[34] કરે ભક્તિ શત્રુ *પ્રજાળ,
ભક્ત[35] સેવંતા સુખ સેવા રસાળ, ૨૨
જીરે ભક્તિ વિના નહી સેવા[36] સાધ્ય,
તે કારણથી કહીએ ×દુરારાધ્ય,[37] ૨૩
જેના ચરણ સરોજ દુર્લભ[38] દર્શાય,
તેના ઉગ્ર[39] પ્રતાપ ત્રૈલોકમાં કહેવાય. ૨૪
વચનામૃત[40] કરી પૂર્યા સેવકના અર્થ,
શ્રીભાગવત[41] અમૃત મથન સમર્થ. ૨૫
તેનો[42] સાર કહીયે વ્રજ સુંદરીનો ભાવ,
તે પરિપૂરણ છે દેહ ભરાવ. ૨૬
સાન્નિધ્ય[43] માત્રથી દાન કરે કૃષ્ણ પ્રેમ,
ભક્તિ મુક્તિ[44] દેવાનું એઉને નેમ. ૨૭
એક રાસલીલામાં[45] તેમનું તાન,
પ્રભુ કૃપા[46] કરીને કરે કથાનું દાન. ૨૮

---

* નાશ. × કઠણ.

વહાલો વિરહના[૪૭] અનુભવને હેતે કાજ,
સર્વત્યાગ જણાવ્યો શ્રીવલ્લભમહારાજ. ૨૯
ઉપદેશ કર્યો ભક્તિમારગ[૪૮] આચાર,
લોક માંહે કર્યો કર્મમારગ[૪૯] પ્રચાર ૩૦
વેદશાસ્ત્ર કહ્યાં યજ્ઞાદિક[૫૦] દાન.
તેનું ફળ મર્યાદાભકિત નિદાન. ૩૧
પ્રભુ પૂર્ણાનંદ[૫૧] છે પૂરણકામ[૫૨],
સરસ્વતિના[૫૩] પતિ દેવ ઇશ[૫૪]* અભિરામ.§ ૩૨
વહાલે સહસ્ત્ર[૫૫] કહ્યાં પુરુષોત્તમ નામ,
નિજજનને[૫૬] આશ્રયનું છે ધામ. ૩૩
ભકિતમાર્ગની[૫૭] રીતે કરવા ઉપદેશ,
બહુ ગ્રંથ કરીને ટાળ્યો સંશયનો લેશ. ૩૪
જેને પામવાને છોડયા પ્રાણથી[૫૮] પ્રીયે,
એવા ભકત[૫૯] સમાજ બિરાજે શ્રીએ. ૩૫
આપ સાધન[૬૦] કરે નિજ દાસને કાજ,
એવા સમર્થ[૬૧] શ્રીવલ્લભ મહારાજ. ૩૬

---

* પ્રભુ, § સુંદર.

કરવા ભક્તિ[62] પ્રચારક ભૂતલ માંહી,
વંશ કીધા પિતા[63] થઇને ગ્રહી બાંહી. ૩૭
સર્વે સામર્થ્ય ધર્યું[64] પોતાને વંશ,
ગર્વ[65] દૂર કરી ટાળ્યો સંશયનો અંશ. ૩૮
પ્રભુ પતિવૃતાના[66] પતિ સાક્ષાત્,
કરે યલોક પરલોક[67] દાન વિખ્યાત. ૩૯
જેના અંતઃકરણ છે ગૂઢ[68] અપાર
અંગીકૃત્યને[69] જણાવ્યો મનનો વિચાર. ૪૦
ઉપાસનાદિક[70] મારગ જે અન્ય,
તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય, ૪૧
કર્યો નિશ્ચય[71] જે ભક્તિ સર્વથી વિશેષ,
કીધો શરણ[72] માર્ગનો જુવો ઉપદેશ. ૪૨
શ્રીકૃષ્ણના[73] મનની જાણે વાત,
લીલાકુંજબિહારી[74] પરિપૂરણ ગાત. ૪૩
કથારસ[75] મગ્ન સદા છે ચિત્ત,

[૭૬]વિસર્યું સૌ તે થકી બીજું વિત. ૪૪

[૭૭]પ્રિય છે ઘણું વ્રજને [૭૮]વ્રજનો વાસ,

કરે [૭૯]પુષ્ટિલીલા એકાંત [૮૦]વિલાસ. ૪૫

કરે [૮૧]ભકતેચ્છા પરિપૂરણ દાન,

નહી નિજ [૮૨]લીલાનું કોઈને જ્ઞાન. ૪૬

અતિ [૮૩]મોહિત જેનું *શીલ ઘણું,

નહિ લોક વિષે [૮૪]આસકિત §અણું. ૪૭

નિજ [૮૫]ભકત વિષે આસકિત છે એક,

પ્રભુ [૮૬]પાવન કીધા પતિત અનેક. ૪૮

જે કરે [૮૭]પોતાના ગુણનું ગાન,

તેના હૃદય કમળ રહેવાનું સ્થાન. ૪૯

નિજ [૮૮]યશરૂપી અમૃત લહેરી,

તેથી ભીંજવી સર્વ રસ વાસના હરી. ૫૦

પ્રભુ પોતે સર્વ થકી છે [૮૯]પર,

ન કરે તુલ્યતા કોઇ અવર. ૫૧

---

* સ્વભાવ. § જરા.

[૯૦]લીલારસ અમૃત તરંગ બહુ,
ભીંજવ્યા છે ભકત શરીર સહુ. ૫૨

રૂચિ આવે [૯૧]ગિરિગોવર્દ્ધન વાસ,
તે [૯૨]લીલામાં છે અતિશે ઉલ્હાસ. ૫૩

કરે [૯૩]યજ્ઞભોગ ને [૯૪]યજ્ઞકર્મ,
આપે અર્થ કામ ને [૯૫]મોક્ષ ધર્મ. ૫૪

પ્રભુ [૯૬]સત્ય વચન છે [૯૭]*ત્રિગુણાતીત,
નીતિ [૯૮]ચતુરાઇ છે અતિ અગણિત. ૫૫

કરવા [૯૯]પોતાની કીર્તિ પ્રકાશ્ય,
કર્યું [૧૦૦]વ્યાસસૂત્રનું નૂતન ભાષ્ય. ૫૬

અતિ તુચ્છ તૂલ§ જે [૧૦૧]માયાવાદ,
કરી ભસ્માગ્નિ સ્થાપ્યો [૧૦૨]+બ્રહ્મવાદ. ૫૭

†[૧૦૩]અપ્રાકૃત ભૂષણની અતિ કાંતિ,
[૧૦૪]હસતાં મુખ શોભે છે બહુ ભાંતિ. ૫૮

પ્રભુ [૧૦૫]તિનલોકના ભૂષણ સાર,
પ્રકટ્યા [૧૦૬]ધરણીનું ભાગ્ય અપાર. ૫૯

*ત્રણ ગુણથી રહિત. §કપાસ. +શુદ્ધાદ્વૈત. †માયારહિત.

પ્રભુ સું[૧૦૭]દરતા છે અતીશે અનૂપ,
કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ. ૬૦
સૌ માગે છે પોતાના જન,
ચરણારવિં[૧૦૮]દની રજ જે ધન. ૬૧
એ કહ્યાં એકસોને આઠે નામ,
શ્રીવલ્લભ નામ આનંદનું છે ધામ. ૬૨

વલણ.

જે કોઇ શ્રદ્ધા કરી નિત્ય ગાયેરે,
તેનું મન પહેલું સ્થિર થાયેરે. ૬૩
અધરામૃતની સિદ્ધિ પામેરે,
તેમા સંશયનું નહીં નામેરે. ૬૪
એ પામ્યા વિના મોક્ષ છે હીનરે,
તેના ફળમાં મુક્તિ છે લીનરે. ૬૫
તેથી સર્વોત્તમ જપ કરવોરે,
શ્રીકૃષ્ણ રસે મન ભરવોરે. ૬૬
શ્રીવિઠ્ઠલ *ઉચ્ચરિત એ નામરે,
જે ગાય પુરે તેના કામરે. ૬૭
તેનો જન્મ સુફળ કરી લેખેરે,
વ્રજભુષણજી જેનાં સુખ દેખેરે. ૬૮

ઇતિ શ્રીસર્વોત્તમજીનું ધોળ સમાપ્ત.

---

* કહેલાં.

શ્રીસર્વોત્તમ પદ.

રાગ કાફી—પદ ૧ લું.

શ્રી સર્વોત્તમ જપ નિત્ય કરના હો. (૨)
સકલ શાસ્ત્રકો સાર એહી હે,
ત્રિવિધ તાપ સબ અઘ હરના હો. શ્રીસર્વો. ૧
પુષ્ટિ પદાર્થ યાહી તે પૈયત,
યાહીતે ભવસાગર તરના હો—
રંગીલે ત્રીકમ પ્રિય જાઉં બલિહારી,
કાલદંડસેં ના ડરના હો. શ્રીસર્વો. ૨

રાગ કાફી—પદ ૨ જું.

કરીયે શ્રીસર્વોત્તમ રસ પાન. (૨)
પ્રશંસા કરી શકે કોણ કવિ એસો,
શ્રીમુખ કરત વખાણ. કરીયે શ્રી. ૧
અતિશય કરૂણા કરી આ કલિમે,
દીયો દૈવી જીવનકો દાન;
એક એક અક્ષર હે અધરામૃત,
ગુપ્ત રહસ્ય ગુણ ગાન. કરીયે શ્રી. ૨

અર્ધ નિમેષ વિલંબ ન કરીયે,
રેન દિવસ આઠો જામ;
રસિક પ્રિતમ જાકે રંગ રંગ્યો,
સોહે ભક્ત નિધાન. કરીયે શ્રી. ૩

ઇતિ શ્રીસર્વોત્તમજીનાં પદ સમાપ્ત.

અથ શ્રીફળશ્રૂતિ.

વસંતતિલકા વૃત્ત.

आचार्यनामसशताष्टकमौक्तिकानि
श्रीविठ्ठलोक्तिरससागर निर्मितानि ॥
श्रीगोकुलोक्तविवृतेर्गुणगुम्फितानि
कुर्वंतुकंठभुवि भक्तजना जयार्थं ॥१॥

અર્થઃ—શ્રીઆચાર્યજીનાં દિવ્ય એકસો આઠ નામરૂપ સાચાં મોતી છે અને શ્રીવિઠ્ઠલેશજીની ઉક્તિ કહેતાં ઉચ્ચાર તે રૂપરસ સાગરમાં થયેલાં અને

શ્રીગોકુલનાથજીએ કરેલાં વ્યાખ્યાનના સારા અર્થરૂપ દોરાવડે ગુંથેલાં એવાં, તે નામરૂપ સાચા મોતીનાં આભૂષણોને હે ભકતજનો! તમારા જયને અર્થે કંઠ-રૂપી ભૂમિને વિષે ધારણ કરો. ૧

यः कृष्णभक्तिमिहवाञ्छति माधनौघै-
र्नामानिभास्सुरयशांसि जपेत्स नित्यं ॥
तं वै हरिः स्वपुरुषं कुरुतेति शिघ्र-
मात्मार्पणं समधिगच्छति भावतुष्टः ॥२॥

અર્થઃ—અનેક સાધનોના સમૂહે કરીને જે પુરુષ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિની ઈચ્છા કરતો હોય તો તેણે અનેક સાધનોના શ્રમમાં ન પડતાં જેને વિષે શ્રીકૃષ્ણ ભગવાનના યશનો પ્રકાશ છે એવાં આ નામનો નિત્ય જપ કરવો તે જપ કરનારને શ્રીહરિ વહેલા પોતાનો પુરુષ (જીવ) કરે છે અને ભક્તિભાવ વડે સંતુષ્ટ થએલા શ્રીહરિ તે પુરુષે કરેલા આત્મ-સમર્પણને રૂડે પ્રકારે જાણે છે અથવા ભકિતભાવ વડે સંતુષ્ટ થએલા શ્રીહરિ તે પુરુષને પોતાનો આત્મા અર્પે છે એટલે પોતાનું નિજ સ્વરૂપ આપે છે. ૨

श्रीकृष्ण कृष्णसख वृष्णिवृषावनिध्रुक्-
राजन्यवंशदहनानपवर्गवीर्य ॥
गोविंदगोपवनिताव्रजभृत्यगीत
तीर्थश्रवः श्रवणमंगल पाहि भृत्यान् ॥३॥

